# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/416 Dt. 21/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા ગુરૂવારે વર્તમાન ઔદ્યોગિક પરિસ્થિતિ વિષે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયા સાથે ઉદ્યોગકારોની વિચાર ગોષ્ઠિ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે ભારત સરકારના શ્રમ અને રોજગાર તેમજ યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયા સાથે ઉદ્યોગકારોની વર્તમાન ઔદ્યોગિક પરિસ્થિતિ વિષે એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી ચર્ચા ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ વિચાર ગોષ્ઠિ દરમિયાન દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને તેમના વિવિધ પ્રશ્નો, પડકારો અને સૂચનો સીધા કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયા સમક્ષ રજૂ કરવાની તક મળશે. ઉદ્યોગકારો શ્રમ, રોજગાર અને ઉદ્યોગ સંબંધિત મુદ્દાઓ પર સીધો સંવાદ કરી શકશે. ઉદ્યોગના વિકાસ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થવાને કારણે આ વિચાર ગોષ્ઠિ ઉદ્યોગ જગત માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.